હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૮૮, વર્ષ : ૩૭, અંક : ૧૭
૦૧–સપ્ટેમ્બર, ૨૦૨૬

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

* શિક્ષક તે નથી જે વિદ્યાર્થીના મગજમાં તથ્યોને બળજબરીથી નાંખે, પણ વાસ્તવિક શિક્ષક તે છે જે તેને ભવિષ્યમાં પડકારો માટે તૈયાર કરે.
* કોઈ પણ આઝાદી ત્યાં સુધી સાચી નથી જ્યાં સુધી તેને વિચારોની આઝાદી ન મળી હોય. કોઈ પણ ધાર્મિક વિશ્વાસ કે રાજનૈતિક સિદ્ધાંતે, સત્યની શોધમાં અવરોધ ન ઊભો કરવો જોઈએ.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

## આદિવચન

પ્રિય વાચક મિત્રો,

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, મહાન શિક્ષણશાસ્ત્રી અને વિચારક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ પમી સપ્ટેમ્બરના રોજ સમગ્ર ભારતમાં 'શિક્ષક દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે. સમાજની અંદર શિક્ષકની પ્રતિભા એવી છે કે લોકો તેમને માનભેર જુએ છે તેમને અનુસરે છે. શિક્ષક શિક્ષણ તો આપે જ છે સાથે સાથે વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો અને સારા સંસ્કારનું સિંચન કરી શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરી રાષ્ટ્રનિર્માણમાં પ્રદાન કરે છે. જીવનના મુશ્કેલ સમયે દિશાસૂચન કરનાર, સાચો માર્ગ બતાવનાર શિક્ષક જ છે. વ્યક્તિમાં રહેલી ક્ષમતાને ઓળખી તેને ખીલવવા માટે માર્ગદર્શન પુરુ પાડે છે. શિક્ષક સમાજમાં પરિવર્તન લાવવાનું એક પવિત્ર માધ્યમ છે, માત્ર એક વ્યવસાય નથી. શિક્ષણકાર્યની સાથે વિવિધ ક્ષેત્રીય યોગદાનને આધારે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને શ્રેષ્ઠ પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવે છે. નવચેતન વિદ્યાલયના શ્રી કમલેશભાઈ પટેલ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણથી વંચિત દિકરીઓના વાલીઓને ઘરે જઈ સમજાવી અભ્યાસ કરવા સમજાવ્યા પરિણામે ૬૦% સુધી વિદ્યાર્થિનીઓની સંખ્યા વધી સાથે પર્યાવરણ જાગૃતિ માટે ૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. તેલાવાની પ્રાથમિક શાળામાં લોક ભાગીદારીથી શાળાના શિક્ષક વિજયકુમાર પટેલે ગુજરાતની સૌથી પહેલી સ્ટેમ લેબોરેટરી વિકસાવી. કાંકરિયાના નિશાબેન રામી દ્વારા મોબાઈલ આસિસ્ટડ લેંગ્વેજનો ઉપયોગ કરી બાળકોને આધુનિક રીતે ભાષા શીખવવા ટેકનોલોજીના માધ્યમથી લિસનીંગ, સ્પિકિંગ, અને લેંગ્વેજની રમત રમાડી વિવિધ ભાષાઓનું શિક્ષણ રસપ્રદ બનાવ્યું અનેક શિક્ષકો દ્વારા શિક્ષણની સાથે સાથે સમાજોપયોગી કાર્ય થતા હોય છે. આજનો શિક્ષક સમાજને રાહ ચીંધતો પથદર્શક છે. નેશનલ એજ્યુકેશન પોલીસીના અમલીકરણથી શિક્ષણમાં ઘણા મોટા ફેરફાર જોવાયા છે. શિક્ષકે આ માટે પોતાને તૈયાર કરવા સતત શીખતા રહેવું પડશે. શિક્ષણના નવા માળખા માટે નવા અભ્યાસક્રમથી લઈને વિવિધ ટેકનોલોજીના સમન્વય થકી વિદ્યાર્થીઓને કૌશલ્યલક્ષી શિક્ષણ આપવા કટિબધ્ધ બનવું રહયું. શિક્ષક કભી સાધારણ નહી હોતા,




પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ' આચાર્ય ચાણકયએ આ પંકિતમાં શિક્ષકના અનંત સામર્થ્ય અને સમાજ નિર્માણમાં તેમની ભૂમિકા દર્શાવે છે. તેમણે એક સાધારણ બાળક (ચંદ્રગુપ્ત મૌર્ય)ને તૈયાર કરી અખંડ ભારતની સ્થાપના કરી હતી. શિક્ષકનું વ્યક્તિત્વ બહારથી સાધારણ દેખાઈ શકે છે, પરંતુ તેમની અંદર અસીમ જ્ઞાન અને ભવિષ્ય બદલવાની શકિત રહેલી હોય છે.

શિક્ષક ધૈર્યવાન, સદ્ભાવના ધરાવતો, સ્પષ્ટ વકતા, વિદ્યાર્થી અને વાલીઓ સાથે સંપર્ક જાળવવા ઉત્તમ રીતે વાતચીત કરનારો, પોતાના વિષય અને નવી શૈક્ષણિક ટેકનોલોજી સાથે સતત અપડેટ રહેવા જીવનભર શીખતો રહેતો હોય છે. શિક્ષકનું સાચુ કાર્ય વિદ્યાર્થી માત્ર પરીક્ષા માટે જ તૈયાર થાય તે નહિ, પરંતુ સમગ્ર જીવન માટે તૈયાર થાય તેવું વાતાવરણ ઊભુ કરવાનું હોય છે. શિક્ષકની શ્રેષ્ઠ કામગીરી વિદ્યાર્થીના સમગ્ર વ્યકિતત્વનું ઘડતર કરવામાં રહેલી છે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં જોઈએ તો આજે આપણે એ શિક્ષણની જરૂર છે કે જેનાથી ચારિત્ર્ય નિર્માણ થાય, મનની સુષુપ્ત શકિતઓ જાગે, બુધ્ધિમતાનું વિસ્તરણ થાય અને જે માણસને બહારના બધા જ સહારા છોડાવી પોતાના પગ ઉપર ઊભો કરી શકે.''

તા. ૦૧-૦૯-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## સ્વતંત્રતા દિવસની ઉજવણી











હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરકુમાર પોરિયાના વરદ હસ્તે ધ્વજવંદન કરી કરવામાં આવી હતી. પ્રાસંગિક વકતવ્યમાં દેશના શહીદવીરોને યાદ કરી દેશની આન બાન અને શાન જાળવવા હાકલ કરી હતી. યુવાન ભારતમાં રાષ્ટ્ર નિર્માણની ધરા યુવાનના હાથમાં છે. આજનો યુવાન ટેકનોસેવી અને આકાશને આંબવાની ક્ષમતા ધરાવતો છે. આ યુવાન પોતાના જ્ઞાનનો ઉપયોગ સંયમપૂર્વક અને વિવેકપૂર્ણ કરી રાષ્ટ્રના નિર્માણમાં પોતાનો સિંહફાળો પ્રદાન કરી પોતાની નૈતિક જવાબદારીનું વહન કરે તેવી માર્મિક ટકોર કરી હતી. શા.શિ. યુવામહોત્સવ વિભાગ દ્વારા યોજાયેલ સ્વતંતા દિવસની ઉજવણીના કાર્યક્રમમાં માનનચી કુલપતિશ્રી, કુલસચિવશ્રી, શા.શિ.નિયામકશ્રી, યુનિવર્સિટીના અધિકારીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઓરિએન્ટેશન પ્રોગ્રામ





હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય (નોલેજ રીસોર્સ સેન્ટર) માં યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ ગ્રંથાલયથી અવગત થાય તે માટે લાયબ્રેરિ ઓરિએન્ટેશન કાર્યક્રમ કરવામાં આવ્યો. ગ્રંથાલયમાં ઉપલબ્ધ સગવડો, તેમાં અપાતી વિવિધ સેવાઓ, ડીજીટલ ઉપકરણો અને ડીજીટલ સંશાધનોની માહિતી અને ઉપયોગિતા વિશે પીપીટી દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી. ગ્રંથાલયના વિવિધ વિભાગો પુસ્તક ભંડાર, સંદર્ભખંડ, નમો કોર્નર, વાંચનખંડ સહિતની રૂબરૂ મુલાકાત લઈ તેના ઉપયોગ અંગેની જાણકારી કર્મચારીઓ દ્વારા આપવામાં આવી હતી.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



❊ અક્ષતમ કોલેજ ઓફ નર્સિંગમાં વર્લ્ડ હેલ્થ–ડેની ઉજવણી કરવામાં આવી જેમાં હેલ્થકેર સેસનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે ડૉ. દિપક પરમારે ઓર્ગન ડોનેસનથી લોકોના જીવનમાં આવતા બદલાવ વિષે અને સીપીઆર અવેરનેસથી લોકોના જીવ બચાવવાની ટેક્નિક સમજાવી હતી. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ડીસા તાલુકાના માલગઢમાં મેડિકલ કેમ્પ, વેડન્ચા અને સાગરોસણામાં હેલ્થ અવેરનેસ રેલી અને નાટક તેમજ કોલેજમાં પણ લોકોના સ્વાસ્થ્ય વિષે જાગૃતિ ફેલાવી વિદ્યાર્થીઓને વર્તમાન સ્વાસ્થ્ય સમસ્યાઓ પર પોતાના વિચારો વ્યક્ત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.



❊ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના ગ્રંથાલય વિભાગ દ્વારા તા. ૨૩–૪–૨૦૨૬ના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણી પુસ્તક પ્રદર્શન કરીને કરવામાં આવી હતી. પુસ્તકો માનવીના સાચા મિત્રો છે. સારું વાંચન અનેક સિદ્ધપુરુષોના જીવન અજવાળી ગયું છે, એ વિચારથી કાર્યક્રમમાં ૩૫ જેટલી વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી. આ દિવસે વિલિયમ શેક્સપિયરની જન્મજયંતિ પણ હોવાથી તેમના સર્જનો–નાટકો વિશેની સવિશેષ માહિતી ડૉ. આરતીબેન ખીન્દરી તથા ડૉ. નંદાબેન જાડેજાએ આપી હતી. ગ્રંથપાલ અલકાબેન પટેલે વિદ્યાર્થિનીઓને દરરોજ પાંચ પાનાનું વાંચન કરવાનો શુભસંકલ્પ લેવડાવ્યો હતો. પ્રા.ડૉ. નિખિલભાઇ થાનકીએ વિદ્યાર્થિનીઓને પુસ્તકોના નિયમિત વાંચન માટે પ્રેરણા પૂરી પાડી હતી.

❊ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં વિદાય અને વાર્ષિકોત્સવ કાર્યક્રમ તા. ૧૬– ૪– ૨૦૨૬ના રોજ યોજાઇ ગયો. કાર્યક્રમના અધ્યક્ષ પદે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કે.કે. પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરના પ્રો. ડો. જીગ્નેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તથા વિશેષમાં અમરતભાઈ પટેલ, ભગિની સંસ્થાના પ્રિન્સિપાલશ્રીઓની હાજરી કાર્યક્રમ માટે ખૂબ જ પ્રેરકરૂપ હતી. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સ્વાગત ગીતથી આવનારા મહેમાનોને અને વિદાય લેતા પ્રશિક્ષણાર્થીઓને મીઠો આવકાર આપ્યો હતો. કોલેજમાં યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર પ્રશિક્ષણાર્થીઓને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટી લેવલ ના યુવક મહોત્સવમાં ભાગ લઇ પ્રથમ ક્રમે વિજેતા બનનાર નીલ અને રોઝમીન ને પણ કોલેજ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સંસ્થામાંથી વિદાય લઈ રહેલા મહેન્દ્રભાઇ અને તેમના ધર્મપત્ની ચંદ્રિકાબેનને પણ શુભેચ્છા સાથે પુષ્પગુચ્છ, શાલ, સાકર, શ્રીફળ અને સ્મૃતિ ભેટ આપી કોલેજ પરિવાર વતી સન્માનિત કરવામાં આવ્યા હતા. પછી પ્રશિક્ષણાર્થીઓના પ્રતિભાવો, વિદાય લઇ રહેલા મહેન્દ્રભાઇના પ્રતિભાવો તથા જી.એસ. અને એલ.આર. પ્રતિભાવો લેવામાં આવ્યા હતાં. છેલ્લે વિદાય ગીત અને મોં મીઠું કરી કાર્યક્રમમાં પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે સહકાર આપનાર સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૦૫ જૂન, ૨૦૨૬ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કોલેજ પરિસરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણનું જતન અને હરિયાળી વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત સૌએ પર્યાવરણના સંરક્ષણ, પ્રદૂષણ ઘટાડવા, પાણી અને કુદરતી સંસાધનોનો સંયમપૂર્વક ઉપયોગ કરવા તેમજ વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ જાળવવાની આવશ્યકતા અને વર્તમાન સમયમાં પર્યાવરણીય પડકારો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



❊ શ્રીમતી કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ થરામાં કોલેજના પ્રિ.

ડૉ. ડી.એસ. ચારણની પ્રેરણાથી ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાઇ ગયો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી વ્યાખ્યાન આપતાં પ્રિન્સિપાલશ્રીએ જણાવ્યું હતું કે ડૉ. આંબેડકરના વિચારો વર્તમાન યુગમાં પ્રસ્તુત છે. કારણ કે તેમનું જીવન દર્શન માનવતાવાદના પાયા પર રચાયેલ છે. શિક્ષણ, સંઘર્ષ, સંગઠન, સ્વતંત્રતા, સમાનતા, બંધુતા વગેરે માનવતાવાદના આધાર સ્તંભ છે. ડૉ. આંબેડકરનું સંઘર્ષ પૂર્ણ જીવન ઘણું પ્રેરણાદાયી છે. યુવાનોએ આ મહાપુરુષના જીવનના સિદ્ધાંતોને આત્મસાત કરવા જોઈએ. વધુમાં જણાવ્યું હતું કે વિકટ પરિસ્થિતિમાં સંયમ રાખી શ્રેષ્ઠનું સર્જન કરવું એ તેમના જીવનનો સાર છે. આ કાર્યક્રમમાં કોમર્સ વિભાગના અધ્યક્ષ ડૉ. ડી.ડી. ઝાલા, અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. હરેશભાઇ દવે, સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. આર.આર. રોહિત તેમજ કોલેજના અધ્યાપકશ્રીઓ, એન.સી.સી. અને એન.એસ.એસ.ના સ્વયંસેવકો વિદ્યાર્થી ભાઈ–બહેનો જોડાયા હતાં.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટ દ્વારા વિશ્વ યોગ દિવસની પૂર્વ સંધ્યાએ 'યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ. સુનીતાબેન સુપહિયાના માર્ગદર્શન હેઠળ ડૉ. એન.કે. પટેલે વિદ્યાર્થીનીઓને યોગ વિશેનું માર્ગદર્શન આપી વિવિધ યોગાસનો કરાવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમણભાઇ સોલંકી અને ડૉ. ચેતનાબેન દેસાઇ દ્વારા કરવામાં આવ્યું હતું.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી ખાતે ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કોલેજના શારીરિક શિક્ષણ વિભાગ, એન.એસ.એસ. વિભાગ અને એન.સી.સી. વિભાગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિનીઓ તેમજ સ્ટાફમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇને યોગ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન શારીરિક શિક્ષણ વિભાગના પ્રા. મધુબેન ઠાકોર, એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. તરુલતાબેન પટેલ, એન.સી.સી. વિભાગના સી.ટી.ઓ. ડૉ. કિંજલબા ચુડાસમા તેમજ આચાર્યાશ્રી ડો. હીનાબેન એમ. પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ યોગાસનોનું પ્રદર્શન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ધ્યાન તેમજ હળવી કસરતો જેવી વિવિધ યોગક્રિયાઓમાં સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન યોગના નિયમિત અભ્યાસથી શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ અને સર્વાંગી વિકાસ કેવી રીતે શક્ય બને છે તે અંગે માહિતી આપવામાં આવી હતી.



❊ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ મહેસાણામાં યોગ દિવસ કાર્યક્રમ તા. ૨૦–૦૬–૨૦૨૬ના રોજ કોલેજ કેમ્પસની સમગ્ર કોલેજો સાથે યોજાયો હતો. કાર્યક્રમમાં સમગ્ર કૉલેજોના પ્રિન્સિપાલ,અધ્યાપકો અને નોન ટીચિંગ સ્ટાફ પરિવારની હાજરી અને કેમ્પસની તમામ કોલેજોના વિદ્યાર્થીઓ જોડાયા હતા. યોગના ફાયદા અને જીવનમાં તેનું મહત્વ તથા યોગ આસનો અનુલોમવિલોમ, ભ્રામરી, સવાસન, તાડાસન, વ્રજરાસન, વૃક્ષાસન, વગેરેની પ્રેક્ટિકલ તાલીમ હર્ષાબેન દ્વારા આપવામાં આવી હતી. આ રીતે યોગનું મહત્વ અને સ્વાસ્થ્ય સાથે તેનું જોડાણ વિષે જાગૃતિ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## અભિયાન




ભારત સરકારના એક ભારત શ્રેષ્ઠ ભારત અભિયાન સંલગ્ન યુવા સંગમમાં ભારતના વિવિધ રાજ્યોની વિવિધ કોલેજ તેમજ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે મળીને એકબીજાની સંસ્કૃતિ, ભાષા, રહેણીકરણી, ખાનપાન વગેરેને જાણે અને આદાનપ્રદાન કરે. તે અંતર્ગત ગુજરાતના ૪૧ જેટલા વિદ્યાર્થીઓએ તા.૨૨ થી ૩૧ મે દરમિયાન ઓરિસ્સાની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમનું આયોજન વિશ્વ પ્રસિદ્ધ આઇઆઇએમ, અમદાવાદ તથા આઇઆઇટી રાઉરકેલાના સંયુક્ત ઉપક્રમે થયું હતું. આ કાર્યક્રમમાં પાટણ સ્થિત એન.જી.ઇ.એસ. સંચાલિત શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજના એન.એસ.એસ.ના સક્રિય સ્વયંસેવક હર્ષદ પરમારની

પસંદગી થઇ હતી. દશ દિવસીય આ આયોજનમાં ટેક્નોલોજી, ઇનોવેશન, ઔદ્યોગિકતા, હેરિટેજ, ગ્રામ્યવિકાસ વગેરે વિશે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી પ્રાપ્ત થઇ હતી. આ ક્ષેત્રોના વિવિધ વિદ્વાનો સાથે મુલાકાતમાં ચર્ચા વિચારણામાં અનેક નવા વિચારો ગુજરાતના વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા હતા. હર્ષદ પરમારે આ કાર્યક્રમમાં પાટણનું પ્રતિનિધિત્વ કરતા ઉત્તર ગુજરાતની સંસ્કૃતિની ઝલક રજું કરી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં દરમિયાન પરમ્પરા, પ્રગતિ, પરસ્પર સંપર્ક, પર્યટન તેમજ પ્રૌદ્યોગિકી એ પાંચ વિષયોના સંગમથી એક ભારત શ્રેષ્ઠ ભારતના અભિયાનને વેગ મળે તેવી પ્રવૃત્તિઓ કરવા વિદ્યાર્થીઓ કટિબદ્ધ બન્યા હતા.

## એન.સી.સી.



※ એન.સી.સી. 'સી' સર્ટિફિકેટની ફેબ્રુઆરી ૨૦૨૬માં લેવાયેલ પરીક્ષામાં શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સના એન.સી.સી. કેડેટ્સને ૧૦૦% પરિણામ સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત થઇ. કુલ ૧૩ કેડેટ્સ માંથી ૬ કેડેટ્સએ એ–ગ્રેડ સાથે ભવ્ય સફળતા મેળવી છે. આચાર્યશ્રી ડૉ. જે. કે. પટેલ અને એન.સી.સી ઓફિસર લેફ્ટનન્ટ ડૉ. હર્ષા ડાંગર દ્વારા તેમને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## કાર્યક્રમ



※ શ્રી ટી.એ. ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. રમેશભાઇ પરમાર અને ઓફિસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા કમલેશભાઇ પટેલનો વય સેવા નિવૃત્તિ કાર્યક્રમ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઇ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કોલેજના પ્રમુખશ્રી અને અન્ય મહેમાનોને આવકારી સન્માનપત્રક અને સ્મૃતિ ચિન્હો આપી સન્માનિત કરી તેમની સેવાઓને બિરદાવી હતી. વિદાય લેનાર બંને કર્મચારીઓએ પોતાના કાર્યકાળના અનુભવો રજૂ કર્યા હતાં. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ વિભાગના આચાર્યશ્રીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.



※ શ્રીમતિ કાંતાબેન કિર્તીલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતિ લીલાવતીબેન બાપુલાલ ગુંજારિયા કોમર્સ કોલેજ, થરા ખાતે મનોવિજ્ઞાન વિભાગ દ્વારા મનોભાર વ્યવસ્થાપન (Stress Management) વિષય પર ૧૫ દિવસનો એડ–ઓન સર્ટિફિકેટ કોર્સ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કોર્સનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં મનોભાર અંગે જાગૃતિ લાવવી, તણાવને સમજવા અને તેનું યોગ્ય સંચાલન કરવા માટે જરૂરી કૌશલ્યો વિકસાવવાનો હતો. આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ પર વધતા શૈક્ષણિક, સામાજિક અને વ્યક્તિગત દબાણને ધ્યાનમાં રાખીને આ કોર્સ ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો. કોર્સ દરમિયાન મનોભારનું સ્વરૂપ, તેના કારણો, તેના પ્રભાવ અને તેને ઘટાડવાના ઉપાયો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને યોગ, પ્રાણાયામ, ધ્યાન, સમય વ્યવસ્થાપન, પોઝિટિવ થિંકિંગ અને રિલેક્ષેશન ટેક્નિકસ જેવી પ્રાયોગિક પદ્ધતિઓ શીખવવામાં આવી. ઉપરાંત ગ્રુપ ડિસ્કશન, પ્રેઝન્ટેશન અને ઇન્ટરેકટિવ સેશન દ્વારા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી હતી.



※ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુર દ્વારા તા. ૨૭–૦૬–૨૦૨૬ના રોજ બી.એ–બી.કોમ સેમ–૧ના વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયો. કોલેજના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને કોલેજના નીતિ, નિયમો, લક્ષ્યાંક, ટાઇમ ટેબલ તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ વિશે માહિતી આપીને વિદ્યાર્થીઓને કોલેજ વિશે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું સફળ આયોજન કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ. ચિરાગ વી. રાવલ દ્વારા કરવામાં આવેલ. કોલેજના વિવિધ વિભાગના અધ્યાપકો દ્વારા કોલેજની સાહિત્યિક પ્રવૃત્તિ,વ્યાખ્યાન માળાઓ, વિમેન સેલ અંતર્ગત ચાલતી પ્રવૃતિઓ, આંબેકડર સેન્ટરમાં ચાલતા અભ્યાસક્રમ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, ઉદિશા કલબ, સંધાન કાર્યક્રમ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સપ્તધારા, નેક આઈ ક્યું એ સી, અર્ણશા અંક, સ્વામી વિવેકાનંદ સ્ટડી સેન્ટર, ઇનોવેસન કલબ, એન્ટી રેંગીગ, નવી શિક્ષણ નીતિ–૨૦૨૦,

ફિનીશિંગ સ્કૂલ, એન.સી.સી., એન.એસ.એસ., રમતગમત, કારકિર્દી માર્ગદર્શન, ટેલી એકાઉન્ટિંગ, બેઝિક કોમ્પ્યુટર કોર્સ, સ્કોપ તેમજ સામાજીક સેવાઓ, જીવન મુલ્યોનું મહત્ત્વ અને મહિલા સશક્તિકરણ વિશેની માહિતી ઊંડાણપૂર્વક અને વિવિધ દ્રષ્ટાંત સાથે આપવામાં આવી હતી.



❊ મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે તા. ૦૮–૦૪–૨૦૨૬ના રોજ ગ્રંથાલય વિભાગના ઉપક્રમે પ્રિ. ડૉ. કનૈયાલાલ પટેલના માર્ગદર્શન અને ગ્રંથપાલ ભગીરથીબેન ગોસ્વામીના સંચાલન હેઠળ સામાન્ય જ્ઞાન કસોટી યોજાઇ. જેમાં કોલેજની ૧૨૫ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્તમાન સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાના અભિગમને સાર્થક કરવાના આશય માટે દર વર્ષે યોજાતી આ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે. આ જ્ઞાન કસોટીમાં પ્રથમ ક્રમે કુ. પિંકી મારવાડી દ્વિતીય ક્રમે કુ. દિયા ઉપાધ્યાય અને કુ. સંધ્યાબા ઝાલા તૃતીય ક્રમે કુ. આંચલ મકવાણા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

## ગૌરવ



❊ ૧૪ મે થી ૨૫ મે ૨૦૨૬ દરમિયાન એન.સી.સી. દ્વારા 'સ્પેશિયલ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ'નું શ્રીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીની અને ૯ ગુજરાત બટાલિયન એન.સી.સી.ની કેડેટ્સ યુ.ઓ. નૈયા પ્રજાપતિએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈને ગુજરાત અને કોલેજનું ગૌરવ વધાર્યું છે.

❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કોલેજમાં સરકારશ્રી તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના એન.એસ.એસ. વિભાગના માર્ગદર્શન મુજબ તા. ૨૬–૬–૨૦૨૬ના રોજ ત્રિવિધ કાર્યક્રમ




યોજવામાં આવેલ. જેમાં 'નશામુક્ત ભારત–૨૦૨૬' અંતર્ગત ડૉ. સમીર આર. પટેલે આ કાર્યક્રમનો હેતુ, દ્રષ્ટિકોણ અને લક્ષ્યાર્થ સમજાવ્યા હતાં. એન.એસ.એસ. પોગ્રામ ઓફિસર ડૉ. સંજય પંડ્યાએ નશામુક્ત અભિયાન અંતર્ગત શપથ લેવડાવ્યા હતાં. ત્યારબાદ રેલી સ્વરૂપે આસપાસના વિસ્તારોમાં સૂત્રોચાર સાથે નશામુક્તિનો સંદેશો પહોંચાડ્યો હતો.



❊ એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુરના અંગ્રેજી વિભાગના અધ્યાપક ભાવિકગીરી વિષ્ણુગીરી ગોસ્વામીને તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ડોક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.)ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે ડૉ. વસીમ કુરેશીના માર્ગદર્શન હેઠળ "Transgender Narratives and Identity Crisis in Indian and American Transgender Literature: A Comparative Study" વિષય પર સંશોધન પૂર્ણ કર્યું હતું.

## પ્લેસમેન્ટ



શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ્. સેમ–૫ અને એમ.કોમ.ના વિદ્યાર્થી ભાઇ–બહેનો માટે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ પ્લેસમેન્ટ માટે ૨૩ કંપનીઓમાં ૬૬૯ જેટલી જગ્યા માટે ૨૦૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિવિધ કંપનીઓના એચ.આર. દ્વારા વિદ્યાર્થીઓનું ઈન્ટરવ્યુ કરી તેમને ઓફર કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. શૈલેશભાઈ પ્રજાપતિ દ્વારા સમગ્ર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

## પ્રવાસ



મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં કુલ ૧૩૦ વિદ્યાર્થીની બહેનો તથા સમગ્ર સ્ટાફ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પ્રવાસ દરમિયાન મહુડી, પુંસરી, શામળાજી અને ઋષિવન જેવા સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ આ સ્થળોની ધાર્મિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ માણ્યો તેમજ ત્યાંના ઐતિહાસિક અને સામાજિક મહત્વ વિશે માહિતી મેળવી હતી. આ પ્રવાસ દ્વારા વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક જ્ઞાન સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક સમજ વધારવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થયો હતો. સમગ્ર કાર્યક્રમ શિસ્તબદ્ધ અને આનંદમય રીતે પૂર્ણ થયો હતો.

## મિટીંગ



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કોલેજ, થરામાં તા. ૬–૪–૨૬ના રોજ પ્રિ. ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શનમાં વાલીઓ સાથે મિટીંગ યોજાઈ હતી. પ્રિન્સિપાલશ્રીએ આ મિટીંગનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ, હાજરી, શિસ્ત અને સર્વાંગી વિકાસ અંગે વાલીઓને માહિતગાર કરવાનો હતો. આ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેના આયોજન માટે વિગતવાર માહિતી આપી હતી. અભ્યાસ સાથે એન.એસ.એસ., એન.સી.સી. અને સાંસ્કૃતિક પ્રવૃતિમાં પ્રગતિ કરનાર વિદ્યાર્થીઓના વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે એકાગ્રતા સમયપાલન, હાજરીમાં ઘટાડો વગેરે અંગે પ્રિન્સીપાલશ્રીએ સૂચનો કર્યા હતાં. વિદ્યાર્થીઓના વિકાસ માટે કોલેજ અને ઘર વચ્ચે સતત સંવાદ જરૂરી હોવાનું જણાવી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રામ સોલંકીની આભાર વિધિથી કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## વ્યાખ્યાન



મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૨૫–૦૬–૨૦૨૬ના રોજ રસિકલાલ નાથાલાલ શાહ (રંગવાલા) ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાય તે અંગે ભારત સરકારના નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત વ્યાખ્યાન તથા સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનો, વિદ્યાર્થીઓમાં અને નાગરિકોમાં નશીલા પદાર્થોના દૂષણો અંગે જાગૃતિ લાવવાનો અને નશામુક્ત સમાજના નિર્માણ માટે પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમમાં શાળાના આચાર્યા સુશીલાબેન ગોસ્વામી અને એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. તરૂલતાબેન પટેલે નશાના સેવનથી વ્યક્તિના શારીરિક, માનસિક, સામાજિક તથા આર્થિક જીવન પર પડતી ગંભીર અસરો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે નશાનું વ્યસન માત્ર વ્યક્તિને જ નહીં પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને અસર કરે છે. યુવા પેઢીએ નશાથી દૂર રહી સ્વસ્થ જીવનશૈલી અપનાવવી જોઈએ તેવી અપીલ કરવામાં આવી હતી. વ્યાખ્યાન બાદ તમામ વિદ્યાર્થીઓએ નશા મુક્ત ભારતના નિર્માણ માટે સંકલ્પ લીધો હતો.

## સેમિનાર



શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ અને એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા ખાતે CAWACH CELL દ્વારા કોલેજના સેમિનાર હોલમાં "Cyber Security and Awareness Program" વિષય પર માહિતીસભર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાત વક્તા તરીકે ગણપત યુનિવર્સિટીના ડૉ. અમિત બલદેવભાઈ સુથારે ઓનલાઈન થકી દુનિયામાં વધતા વિવિધ પ્રકારના સાયબર ફ્રોડ અને સ્કેમ્સ વિશે વિસ્તૃત માહિતી આપી તેમજ તેમાંથી કેવી રીતે બચી શકાય તે માટે જરૂરી સાવચેતીના ઉપાયો સમજાવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ.ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કૉલેજના તમામ ફેકલ્ટી સભ્યોના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## સ્પર્ધા



✲ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી દ્વારા તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (ગાંધીનગર), જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી (અરવલ્લી)ના સંયુક્ત ઉપક્રમે 'યુથ એસેમ્બલી કાર્યક્રમ' અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. 'ચૂંટણીમાં મતદાનનું મહત્ત્વ', 'ક્લાઈમેટ ચેંજ', 'AI : વરદાન કે અભિશાપ?', 'ફીટ ભારત, હીટ ભારત', 'આત્મનિર્ભર ભારત : ભારતમાં બનાવો, વિશ્વ માટે બનાવો' જેવા રાષ્ટ્રીય અને વૈશ્વિક વિષયો પર વિદ્યાર્થીઓએ મંચ પરથી પોતાના ઉત્કૃષ્ટ અને સચોટ વિચારો રજૂ કરી ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. સમીર પટેલ, ડૉ. કાર્મેલીબેન અહારી અને ડૉ. જીગ્નેશ કટારા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના વક્તવ્યનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કરી સ્પર્ધકોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



✲ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર અને KCG ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪–૨૫ માર્ચ, ૨૦૨૬ દરમિયાન 'શિક્ષણમાં કૃત્રિમ બુદ્ધિ (AI) સાધનોના અમલીકરણ પર ટકાઉ અસર વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને અને પ્રિન્સિપાલ ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ડૉ. નવીનભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં પ્રિ. ડૉ. ઠક્કરે પ્રાસંગિક ઉદબોધન દ્વારા મહેમાનોને આવકારી સંશોધન કાર્યની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. જ્યારે ડૉ. નવીનભાઈએ ટેકનોલોજીના બદલાતા પ્રવાહો વિશે માહિતી આપી હતી. આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોનું શાલ અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરાયું હતું. સેમિનારના મુખ્ય વક્તાઓ ડૉ. સંજયકુમાર એમ. વકીલ અને ડૉ. કાર્તિકિય એસ. ભટ્ટે જણાવ્યું હતું કે, અઈ સાધનો શિક્ષણને વધુ કાર્યક્ષમ બનાવી શકે છે, પરંતુ તેના માટે તકનીકી અભાવ, શિક્ષકોની તાલીમ અને ડેટા સુરક્ષા જેવા પડકારોને પહોંચી વળવું અનિવાર્ય છે. ત્રણ ટેકનિકલ સત્રોમાં વિભાજિત આ સેમિનારમાં ૨૩૯ જેટલા ડેલિગેટ્સ અને રિસર્ચ સ્કોલર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો.



✲ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ અને એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં અંગ્રેજી વિભાગ, દ્વારા તા. ૩–૩–૨૦૨૬ના રોજ "How to Write in Exams?" વિષય પર માર્ગદર્શન સેમિનારનુ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૬૮ વિદ્યાર્થીઓ અને ૩ પ્રોફેસરોની ઉપસ્થિતિ નોંધાઈ હતી. સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. યોગેશ પરમારે હાજર રહી પરીક્ષામાં ઉત્તમ ગુણ મેળવવા માટે અસરકારક લેખન કૌશલ્ય, જવાબ રજૂ કરવાની પદ્ધતિ, સમય વ્યવસ્થાપન, મુદ્દાસર લેખન અને પ્રસ્તુતિ કળા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ઉત્તરપત્રિકા લખતી વખતે રચનાત્મકતા, સ્પષ્ટતા અને સુવ્યવસ્થિત અભિવ્યક્તિ પર ભાર મુકવા પ્રેરિત કર્યા હતા. પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વિશાલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સબરસ

ચંગુ : ભાઈ પેલી છોકરીએ મને હેન્ડસમ હંક કહ્યો છે.

મંગુ : ભાઈ એ તને હેન્ડસમ કહી ગેરમાર્ગે દોરતી રહેશે પરંતુ તું અરીસો જોતો રહેજે... ક્યારેય ખોટા ભ્રમમાં નહીં ફસાય.


**HNGU**
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian)

Published by : **Dr. R.N. Desai,** Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–